

# Workshop on AI Technology and Renewable Energy
# AI ટેક્નોલોજી અને પુનઃપ્રાપ્ય ઊર્જા પર વર્કશોપ

**તારીખ:** 08/09/2026

આજ રોજ તારીખ 08/09/2026ના રોજ સરકારી વિનયન કૉલેજ અમીરગઢ SSIP 2.0ના સોલાર પેનલ ઇન્સ્પેક્શન અને AI ટેકનોલોજી વિશે વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના ડિજિટલ અને પુનઃપ્રાપ્ય ઊર્જાના યુગમાં વિદ્યાર્થીઓને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) ટેકનોલોજીનો સામાજિક તથા વ્યવહારુ ઉપયોગ સમજાવવો, તેમજ પર્યાવરણીય ટકાઉક્ષમતા અને સ્ટાર્ટઅપ સંભાવનાઓ વિશે પ્રત્યક્ષ જ્ઞાન આપવું. સરકારી વિનયન કૉલેજ અમીરગઢ ખાતે સ્થાપિત રૂફટોપ સોલાર પ્લાન્ટ પર ટેકનિકલ નિરીક્ષણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને AI આધારિત સોફ્ટવેર પ્લેટફોર્મ જે <u>હાલ સેમ ૦૫માં અભ્યાસ કરતો વિધાર્થી સોડાલા નિકુલભાઈ ભારથીભાઈ દ્વારા બનાવમાં આવેલ એપ **‘HelioScan Inspection AI’**</u> નો પ્રત્યક્ષ ઉપયોગ કરી. વિદ્યાર્થીઓએ મોબાઇલ ઇન્ટરફેસ દ્વારા સોલાર પેનલની ગુણવત્તા અને કાર્યક્ષમતાનું લાઇવ સ્કેનિંગ શીખ્યું. પેનલ આઇડીના વિશ્લેષણમાં ૯૨% વિશ્વસનીયતા સાથે જાણવા મળ્યું કે પેનલ પર ધૂળ અને ક્ષાર જામવાથી ઊર્જા ઉત્પાદનમાં ૮% થી ૧૫% જેટલો ઘટાડો નોંધાયો છે. સોલાર પેનલની યોગ્ય જાળવણી દ્વારા ગ્રામીણ અને અર્ધ-શહેરી વિસ્તારોમાં વીજળીની બચત, સ્થાનિક રોજગારી (ટેકનિશિયન/ક્લિનિંગ સેવાઓ) અને ગ્રીન એનર્જીથી સમાજજીવન પર થતી હકારાત્મક અસરો વિશે ચર્ચા કરવામાં આવી. SSIP અંતર્ગત નવીન વિચારો વિદ્યાર્થીઓને પર્યાવરણ સંરક્ષણ અને AI મોનિટરિંગ ક્ષેત્રે નવા સ્ટાર્ટઅપ આઇડિયા વિકસાવવા માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમથી વિદ્યાર્થીઓમાં આધુનિક ટેકનોલોજી, ઊર્જા અને સામાજિક પર્યાવરણ પ્રત્યે જાગૃતિ કેળવાઈ તેમજ ઇનોવેશન અને સ્ટાર્ટઅપ તરફ પ્રેરણા મળી હતી. સમગ્ર કાર્યક્રમનુ આયોજન ડો.એન.કે.સોનારા સાહેબના માર્ગદર્શન હેઠળ SSIP 2.0ના કો- ઓર્ડીનેટર ડો નિતિનકુમાર જાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.







GOVT. ARTS COLLEGE
Govt. of Gujarat
Amirgadh

ડૉ. નિતિનકુમાર જાદવ
SSIP 2.0 કો-ઓર્ડીનેટર
સ.વિ.કૉ. અમીરગઢ
SSIP 2.0
CO-ORDINATOR
Government Arts College
Amirgadh, Dist. B. K.


# Workshop on AI Technology and Renewable Energy
# AI ટેક્નોલોજી અને પુનઃપ્રાપ્ય ઊર્જા પર વર્કશોપ


તારીખ: 08/09/2026










GOVT. ARTS COLLEGE
Govt. of Gujarat
* Amirgadh *

ડૉ. નિતિનકુમાર જાદવ
SSIP 2.0 કો-ઓર્ડિનેટર
સ.વિ.કૉ. અમીરગઢ.

SSIP 2.0
CO-ORDINATOR
Government Arts College
Amirgadh, Dist. B. K.